અપીલ અરજી નં.૨૯૨ તા.૬–૧–૦૯

અરજદારઃ શ્રીમતી ચંપાબેન હાંસજીભાઈ પટેલ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## *ફરીયાદની હકીકતઃ–*

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી ચંપાબેન હાંસજીભાઈ પટેલની તા.૧–૧૨–૦૮ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૫૩ (મગોબ– ડુંભાલ) સર્વે નં.૩૮, બ્લોક નં.૭૧ ની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૨/૨૦૦૮–૦૯

શ્રીમતી ચંપાબેન હાંસજીભાઈ પટેલની તા.૧–૧૨–૦૮ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૫૩ (મગોબ– ડુંભાલ) સર્વે નં.૩૮, બ્લોક નં.૭૧ ની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,ફી ભર્યાનો આધાર કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૨ તા.૧૩–૧–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારે તા.૧–૧૨–૦૮ ના રોજ ટી.પી. સ્કીમ નં.૫૩ (મગોબ– ડુંભાલ) સર્વે નં.૩૮, બ્લોક નં.૭૧ ની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે અરજી વરાછાઝોનને કરેલ. જે નં.આરટીઆઈ સેલ/આ.નં.૯૪૬ તા.૫–૧૨–૦૮ થી લાગત મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ અધિકારીને તબદીલ કરેલ જે અંગે અરજદારની તા.૨૭–૧–૦૯ ના પત્રમાં જણાવ્યા મુજબ ટીપીડી/આં.નં.૬૩૬૬ તા.૩૧–૧૨–૦૮ થી અરજદારને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ છે. વધુમાં અરજદારે તા.૨૭–૧–૦૯ ના રોજ અત્રે રજુ કરેલ પત્રથી તેમણે એપેલેટ ઓફિસરને તા.૬–૧–૦૯ ના રોજ કરેલ. અપીલ અરજી તેમને જવાબ મળી ગયેલ હોવાથી પાછી ખેંચી લેતાં હોવાનું જણાવી અપીલ દફતરે કરવા પણ જણાવેલ છે.

### *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળી ગયેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે
(૨) ચંપાબેન હાંસજીભાઈ પટેલ